# સામાજિક વિજ્ઞાન

**ધોરણ : 8 ( Semester 2 )**

**Chapter 7: મહાત્માના માર્ગ પર: 1**

**પ્રશ્ન 1 : નીચે આપેલા દરેક પ્રશ્નના જવાબ માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી, તેનો ક્રમ-અક્ષર પ્રશ્નની સામે આપેલા ચોરસ લખો :** **[10 Mark]**

1 ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ભારત પરત કયારે આવ્યા ?

[A] ઈ.સ.1905માં [B] ઈ.સ.1916માં

[C] ઈ.સ.1908માં [D] ઈ.સ.1915માં

2 ગાંધીજીએ અમદાવાદમાં સૌ પ્રથમ કયા આશ્રમની સ્થાપના કરી ?

[A] પવનાર આશ્રમની [B] સાબરમતી આશ્રમની

[C] સત્યાગ્રહ આશ્રમની [D] પાલડી આશ્રમની

3 ગાંધીજીએ ચંપારણના કયા ગામમાં રહીને ચંપારણની તીનકઠિયા પ્રથા સામે લડત ચલાવી ?

[A] મધુબની [B] મોતીહારી

[C] પૂર્ણિયા [D] હાજીપુર

4 ખેડા સત્યાગ્રહ (1917-1918)નું સુકાન કોણે સંભાળ્યું હતું ?

[A] ગાંધીજીએ [B] ઝીણાભાઇ દેસાઈએ

[C] મોહનલાલ પંડ્યાએ [D] વલ્લભભાઇ પટેલે

5 બ્રિટિશ શાસન સામે સમગ્ર ભારતનો પહેલો સંઘર્ષ કયો હતો ?

[A] જલિયાંવાલા સત્યાગ્રહ [B] રૉલેટ ઍક્ટ સત્યાગ્રહ

[C] બોરસદ સત્યાગ્રહ [D] બારડોલી સત્યાગ્રહ

6 ગાંધીજીએ અસહકારના આંદોલનની શરૂઆત કઈ રીતે કરી ?

[A] ઉપવાસ કરીને [B] વિદેશી કાપડની હોળી કરીને

[C] 'કેસરે હિંદ'ની ઉપાધિનો ત્યાગ કરીને [D] બૅરિસ્ટરની પદવીનો ત્યાગ કરીને

7 જલિયાંવાલા બાગ કયા શહેરમાં આવેલો છે ?

[A] અમૃતસર [B] દિલ્લી

[C] હૈદરાબાદ [D] કોલકાતા

8 સ્વતંત્ર ભારતના બંધારણને કઈ તારીખે અમલમાં મૂકવામાં આવ્યું ?

[A] 2 જાન્યુઆરીએ [B] 26 જાન્યુઆરીએ

[C] 15 ઑગસ્ટે [D] 15 જાન્યુઆરીએ

9 જલિયાંવાલા બાગ હત્યાકાંડ કોણે સર્જ્યો હતો ?

[A] જનરલ વિલિયમ વાયલીએ [B] જનરલ સોન્ડર્સે

[C] જનરલ નીલે [D] જનરલ ડાયરે

10 લાહોરમાં કઈ નદીના કિનારે 'પૂર્ણ સ્વરાજ'ની માગણી કરવામાં આવી ?

[A] બિયાસ [B] રાવી

[C] સતલુજ [D] જેલમ

bharatlimbdi@gmail.com

**પ્રશ્ન 2 : બંધબેસતાં જોડકાં રચો :** **[ 5 Mark ]**

| વિભાગ 'અ' | વિભાગ 'બ' | |
|---|---|---|
| ( 1 ) ઈ.સ.1917 | ( A ) સાયમન કમિશન | ☐ |
| ( 2 ) ઈ.સ.1919 | ( B ) બારડોલી સત્યાગ્રહ | ☐ |
| ( 3 ) ઈ.સ.1920 | ( C ) જલિયાંવાલા બાગ હત્યાકાંડ | ☐ |
| ( 4 ) ઈ.સ.1927 | ( D ) ચંપારણ સત્યાગ્રહ | ☐ |
| ( 5 ) ઈ.સ.1928 | ( E ) પૂર્ણ સ્વરાજનો ઠરાવ | ☐ |
| | ( F ) અસહકારનું આંદોલન | |

**પ્રશ્ન 3 : યોગ્ય શબ્દો કે અંકો વડે નીચેનાં વિધાનોની ખાલી જગ્યાઓ પૂરો :** **[ 5 Mark ]**

1 '.................................................' એટલે અન્યાય સામે સત્ય અને અહિંસાથી લડવાની પધ્ધતિ.

2 પ્રથમ વિશ્વયુધ્ધમાં .............................................. નો વિજય થયો.

3 ગાંધીજીએ રૉલેટ ઍક્ટને '..................................' કહ્યો.

4 ......................................... ભારતનું બંધારણ ઘડવા માટે રચાયેલી સમિતિના અધ્યક્ષ હતા.

5 ...................... ગામમાં બનેલા હિંસક બનાવને કારણે ગાંધીજીએ અસહકારનું આંદોલન પાછું ખેંચી લીધું.

**પ્રશ્ન 4 : નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :** **[ 5 Mark ]**

1 બિહારનો ચંપારણ પ્રદેશ આંબાવાડિયા માટે પ્રખ્યાત હતો. ☐

2 સાયમન કમિશનમાં એક પણ ભારતીય પ્રતિનિધિ ન હતો. ☐

3 ગોપાલકૃષ્ણ ગોખલે ગાંધીજીના રાજકીય ગુરૂ હતા. ☐

4 વલ્લભભાઇ પટેલે 'સત્યના પ્રયોગો' નામનું પુસ્તક લખ્યું હતું. ☐

5 મોહનદાસ કરમચંદ ગાંધીનો જન્મ રાજકોટમાં થયો હતો. ☐

bharatlimbdi@gmail.com